# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી

જિલ્લા સેવા સદન-૨, બ્લોક નં.-3 , અઠવાલાઈન્સ, સુરત

ફોન નં. 0261-2662902, ફેક્ષ નં.-0261-2662903

DISTRICT EDUCATION OFFICER SURAT, DIST.-SURAT.

જા.નં:-મા-પ/ઉ.પ.ધો/કેમ્પ/૨૦૨૩-૨૪/.૧૮૨૪ તા.૧૩/૦૨/૨૦૨૩

પ્રતિ,

આચાર્યશ્રી,

બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ (જિ- સુરત)

**વિષય:-** અત્રેના જિલ્લાની બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ કે જેઓને ફિક્સ પગારની નિતીને કારણે શિક્ષણ વિભાગના તા. ૦૭/૧૦/૨૦૨૨ ના ઠરાવ અન્વયે ૫ (પાંચ) વર્ષની સેવાઓ સળંગ ગણવામાં આવી હોય અને તા.૩૧/૧૨/૨૦૧૫ સુધીમાં પ્રથમ ઉચ્ચત્તર પગારધોરણ મળવાપાત્ર તેવા તમામ કર્મચારીઓની પગાર બાંધણી ચકાસણીની દરખાસ્ત તથા રીવાઈઝ પ્રથમ ઉચ્ચત્તર પગારધોરણની દરખાસ્ત ફાઈલ જમા કરાવવા બાબત

**સંદર્ભ :-** (૧) અત્રેની કચેરીની તા. ૧૩/૦૨/૨૦૨૩ ની નોંધ પર મળેલ મંજુરી

અત્રેના જિલ્લાની બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ કે જેઓને ફિક્સ પગારની નિતીને કારણે શિક્ષણ વિભાગના તા. ૦૭/૧૦/૨૦૨૨ ના ઠરાવ અન્વયે ૫ (પાંચ) વર્ષની સેવાઓ સળંગ ગણવામાં આવી હોય અને તા.૩૧/૧૨/૨૦૧૫ સુધીમાં પ્રથમ ઉચ્ચત્તર પગારધોરણ મળવાપાત્ર તેવા તમામ કર્મચારીઓની પગાર બાંધણી ચકાસણીની દરખાસ્ત તથા રીવાઈઝ પ્રથમ ઉચ્ચત્તર પગારધોરણની દરખાસ્ત શાળાઓ પાસેથી મેળવવા માટે ૨-દિવસના કેમ્પનુ આયોજન કરવામાં આવેલ છે. જે અન્વયે અત્રેની કચેરી દ્વારા નીચે દર્શાવેલ તારીખ, સ્થળ અને સમયે બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના કર્મચારીઓની ઉ.પ.ધોની દરખાસ્ત ફાઈલ મેળવવાનું આયોજન કરવામાં આવેલ છે.

કેમ્પના દિવસે બઢતી સમિતિના ઠરાવમાં સહી માટે અત્રેની કચેરીના શિક્ષણ નિરીક્ષકશ્રીઓ કેમ્પના સ્થળે હાજર રહેશે.જેથી આપના એસ.વી.એસ.નાં જે તે શિક્ષણ નિરીક્ષકશ્રીની ઉ.પ.ધો.દરખાસ્તમાં બઢતી સમિતિના ઠરાવમાં સહી થયા બાદ દરખાસ્ત કેમ્પમાં સ્વીકારવામાં આવશે જેનીનોંધ લેવી.દરખાસ્ત આ સાથે લીસ્ટ મુજબ તૈયાર કરી રજુ કરવાની રહેશે.

દરખાસ્ત ફાઈલમાં રજુ કરવામાં આવતા ઉ.પ.ધો.નાં બંને સેટમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહી થશે.તે પેજ ઉપર ફ્લેગ અચૂક લગાડવાની રહેશે.તેમજ દરખાસ્ત સાથે રજુ કરવામાં આવતી અસલ સેવાપોથી કાળજી પૂર્વક ફાઈલમાં બાંધી રજુ કરવાની રહેશે.

જેથી અત્રેની કચેરીના તાબા હેઠળની તમામ બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને તેમની શાળાઓના કર્મચારીઓની દરખાસ્ત ફાઈલ નિયત નમુનાના પત્રકો સાથે ૨- નકલમાં સામેલ રાખી કેમ્પમાં લઈને આવવા માટે જણાવવામાં આવે છે. તેમજ તમામ કર્મચારીઓની સેવાપોથીમાં તમામ પ્રકારની સેવાકીય લાભો, શૈક્ષણિક લાયકાત, પરીક્ષાઓ , રજાઓ વગેરે જેવી તમામ નોંધ કરીને કર્મચારીઓની દરખાસ્ત ફાઈલ રજુ કરવા માટે જણાવવામાં આવે છે. તેમજ આ સાથે સામેલ પત્રકમાં જણાવેલ અગત્યની સુચનાઓ પણ ધ્યાને લેવા માટે જણાવવામાં આવે છે.

| ક્રમ | સ્થળ | તારીખ અને વાર | સમય |
|---|---|---|---|
| (૧) | શેઠ પી.એચ.બાચકાણીવાલા સ્કુલ, ખરવરનગર, ઉધના,જિ- સુરત | ૨૧/૦૨/૨૦૨૩ મંગળવાર | સવારે ૦૯:૦૦ કલાકથી |

Scanned with CamScanner

| (૨) | શ્રી જે.એમ.પટેલ સાર્વજનિક હાઇસ્કુલ બારડોલી તા.બારડોલી | ૨૨/૦૨/૨૦૨૩ બુધવાર | સવારે ૦૯:૩૦ કલાકથી |
|---|---|---|---|

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત

**અગત્યની સુચનાઓ:-**

- જો કોઇ કર્મચારીની દરખાસ્તમાં કોઇ પણ પ્રકારના પ્રમાણપત્રો ખુટતા હોય તો તેવી પુર્તતા તે જ સમયે થઈ શકે તે માટે તમામ આચાર્યશ્રીઓને કેમ્પમાં તેમની શાળાના સિક્કા અને ફોરવડીંગ લેટર લઈને હાજર રહેવા માટે જણાવવામાં આવે છે.
- કેમ્પ પુરો થઇ ગયા બાદ કોઇ પણ કર્મચારીની દરખાસ્ત ફાઇલ સ્વીકારવામાં આવશે નહી. તેમજ અધૂરી વિગત ધરાવતી દરખાસ્ત ફાઇલ સ્વીકારવામાં આવશે નહી .જો કોઇ કર્મચારીની ઉ.પ.ધો.ની દરખાસ્ત કરવાની બાકી રહેશે. તો તે અંગેની જવાબદારી સંપુર્ણપણે લગત શાળાના આચાર્યશ્રીની રહેશે.
- ઉ.પ.ધો.ની દરખાસ્ત ફાઇલ ૨ સેટ (અલગ અલગ ફાઇલ) માં નીચે મુજબ તૈયાર કરી લાવવાની રહેશે.

**(1) પ્રથમ સેટ (પી.વી.યુ ગાંધીનગર)**

- PVU ગાંધીનગરને લખવાનો ફોર્વર્ડીંગ લેટર
- ચેક લિસ્ટ (૨૮ મુદ્દા)
- કચેરી આદેશ
- ગણતરી હુકમ
- પત્રક 3/૪ (૨ નકલમાં)
- બઢતી સમિતીનો ઠરાવ (૪-સભ્યોની સહી સાથે)
- બાંહેધરી અને અનુસુચિ
- વિકલ્પની તારીખે ઉ.પ.ધો મંજૂર કરાવ્યું હોય તો વિકલ્પ ફોર્મ
- CCC અને હિન્દી પરીક્ષા પાસ કર્યા અંગેના પ્રમાણપત્ર
- અસલ સેવાપોથી

**(2) બીજો સેટ (જિ.શિ.અ. ઓફિસ કોપી)**

- નોંધ
- ચેક લિસ્ટ (૨૮ મુદ્દા)
- PVU ગાંધીનગરને લખવાનો ફોરવડીંગ
- કચેરી આદેશ
- ગણતરી હુકમ
- પત્રક 3/૪ (૨ નકલમાં)
- બઢતી સમિતીનો ઠરાવ (૪-સભ્યોની સહી સાથે)
- બાંહેધરી અને અનુસુચિ

Scanned with CamScanner

- વિકલ્પની તારીખે ઉ.પ.ધો મંજૂર કરાવ્યું હોય તો વિકલ્પ ફોર્મ
- CCC અને હિન્દી પરીક્ષા પાસ કર્યા અંગેના પ્રમાણપત્ર

DISTRICT EDUCATION OFFICER * SURAT. DIST.-SURAT. *

Scanned with CamScanner